

# આ હેરસ્ટાઈલ છે સ્ટાઈલિશ, આપે છે રૉયલ લુક

**આ**જકાલની યુવતીઓને ફેશનેબલ.અને સ્ટાઈલિશ દેખાવું ગમે છે. યંગ જનરેશન પોતાના વાળની ખાસ્સી કેર લેતાં હોય છે. લગ્નના ફંકશન હોય કે અવનવી પાર્ટીઝ હોય યુવતીઓને બધાંથી અલગ દેખાવું હોય એટલે હેરસ્ટાઈલ પણ રૉયલ અને એલીગન્ટ લુક આપતી હોય તેવી પસંદ કરે છે. 2026માં લગ્નપ્રસંગો અને પાર્ટીઝમાં ટ્રેડિશનલ અને મોર્ડન લુકનું કોમ્બિનેશન હોય તેવી હેરસ્ટાઈલનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. ગજરા બનથી લઈને સોફ્ટ કલર્સ અને સ્ટાઈલિશ ચોટલા અત્યારે ટ્રેન્ડિંગ છે. ચાલો આપણે 2026ની ટ્રેન્ડિંગ હેરસ્ટાઈલ વિશે વાતો કરીએ...

CREATIVE માઈન્ડ્સ

## ગોલ્ડન લેસ બ્રેડ હેરસ્ટાઈલ રૉયલ અને ફેસ્ટિવ લુક આપે છે

2026માં મેરેજ ફંક્શન માટે સુરતી યુવતીઓમાં ગોલ્ડન લેસ બ્રેડ હેરસ્ટાઈલ ટ્રેન્ડિંગ છે. આમાં ગુંથેલી વેણી (ચોટલા) વચ્ચે ગોલ્ડન કલરની લેસ, રિબન કે ગોટાપટ્ટીનો ઉપયીગ કરાય છે. તે લગ્ન ફંક્શન જેવા કે, મહેંદી, સંગીતમાં રોયલ લુક સાથે ફેસ્ટિવ લુક આપે છે. તમે ચોટલી એક સાઈડ કે પાછળની સાઈડ બનાવી શકો છો. ફલાવર ક્લિપ્સનો ઉપયોગ કરવાથી આ હેરસ્ટાઈલ રિચ લુક આપે છે.



## ફ્લાવર ગોટાપટ્ટી બન હેરસ્ટાઈલ ફેસ્ટિવલ્સમાં ટ્રેડિશનલ લુક આપે છે


2026માં પોપ્યુલર બનેલી હેરસ્ટાઈલમાં ફ્લાવર ગોટાપટ્ટી હેરસ્ટાઈલ ખૂબસૂરત અને ટ્રેડિશનલ લુક આપે છે. સુરતી યુવતીઓમાં લોકપ્રિય બનેલી આ હેરસ્ટાઈલમાં ગુલાબ, ચમેલીના ફુલોનો ઉપયોગ થતો હોય છે. રિયલ ફ્લાવર્સને કારણે વાળ તાજગીભર્યા અને સુગંધિત બને છે. ગોટાપટ્ટી જે ટ્રેડિશલ સાડી, લેંઘા પહેર્યા હોય તેની સાથે મેચ કરવા માટે લગાવવામાં આવે છે.

## મોતીઓની સાથે બ્રેડેડ ક્રાઉન હેરસ્ટાઇલ ટ્રેન્ડિંગ



આ હેરસ્ટાઈલ રૉયલ અને એલિગન્ટ લુક આપે છે. તે પારંપરિક અને આધુનિક પરિધાન સાથે સુંદર હેરસ્ટાઈલ લાગે છે. ક્રાઉન બ્રેડ એટલે માથાની ચારે બાજુ ચોટલી અને તેમાં મોતી હેરસ્ટાઈલને વધારે આકર્ષક બનાવે છે. મેરેજ, સગાઇ, મહેંદી અને ડેસ્ટિનેશન વેડિંગ માટે આ હેરસ્ટાઈલ ટ્રેન્ડિંગ છે. આમાં મોતીના પરિંદાનો ઉપયોગ આધુનિક અને ટ્રેન્ડી દેખાય છે. આ હેરસ્ટાઈલ દરેક એજ ગ્રુપની સ્ત્રીઓ માટે સુટેબલ છે.

## સ્ટેટમેન્ટ પોનિટેઇલ વિથ સ્કલ્પટેડ કર્લ્સ હેરસ્ટાઇલ ગ્લેમરસ લુક માટે છે



આ હેરસ્ટાઈલ એકદમ સ્ટાઈલિશ અને ગ્લેમરસ છે. સુરતી ફેશનેબલ યુવતીઓમાં આ સ્ટાઈલ ઘણી પોપ્યુલર બની છે. આ હેરસ્ટાઈલ પારંપરિક પોનિટેઈલને આધુનિક રૂપ આપે છે. તે યંગસ્ટર્સની પાર્ટીઓમાં ઘણી ટ્રેન્ડિંગ બની છે. આમાં કર્લ્સને હેર સ્પ્રે અને સ્ટાઈલિંગ ટુલ્સની મદદથી સુવ્યવસ્થિત આકાર આપવામાં આવે છે. આ હેરસ્ટાઈલ મીડીયમ અને લાંબા વાળને ગ્લેમરસ લુક આપે છે.

મેરી સુરત ટેઢી આંખે


ગજેન્દ્ર મજીઠિયા

**‘સુરત’ - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં ‘સિટીપલ્સ’માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!...**




## નથી એટલી ટ્રેઈન પણ અમે તો વતન જઈશું, ભલે પોલીસ મારે લાઠી, અમે વતન જઈશું

**શો**ધવા ધંધો રોજગાર, અમે છોડી જન્મભૂમિ, અપનાવી લીધી છે અમે કર્મભૂમિ... જવું પડે છે વતન વેકેશનમાં કે લગ્નમાં, પણ નથી એટલી ટ્રેઈન અમારા નસીબમાં... ગરમીમાં બેસાડી 14-14 કલાક, નીકળે છે પરસેવા અમારા હોલ્ડિંગ એરિયામાં... ટ્રેઈન પકડવાં દોડીએ તો નથી સમજતી રેલવે અમારી મુશ્કેલી, તેને તો છે માત્ર પોતાના જ કમ્ફર્ટની પડેલી... દેખાય છે ચોખ્ખું વિડીયોમાં અમારી તકલીફો, છતાં રેલવે કરે છે ખુલાસા કે ફેક છે આ વિડીયો... સમજે જો રેલવે તો સારૂં, નહીં તો જાગશે જઠરાગ્નિ અમારો...



# SMC પહેલાં સુરત સુધરાઈ ઓળખાતી, તેનો ઈતિહાસ છે રસપ્રદ

**આ**પણે બધા જ જાણીએ છીએ કે સુરત મહાનગરપાલિકા આપણને રોડ-રસ્તા, પાણી, ડ્રેનેજ, આરોગ્ય, સ્ટ્રીટ લાઈટની પ્રાથમિક સુવિધાઓ આપે છે. આ SMC પહેલા સુરત સુધરાઈ હતી જેનું રૂપાંતરણ 1966માં સુરત મહાનગરપાલિકા થયું. 1852નું સુરત કેવું હશે તમે તેની કલ્પના કરી શકો છો? 19મી સદીના ઉત્તરાર્ધમાં રેલ, રોગ અને આગના સંકટ વખતોવખત આવતા રહ્યા હતા. જોકે, એ ગાળામાં શહેરમાં સુધરાઈની સ્થાપના થઈ ચુકી હતી. આ સુધરાઈ પાસે તે વખતે ઓછા સાધનો હતા તો પણ દરેક સંકટના સમયે સુધરાઈ સ્થાનિકોના દુ:ખ હળવું કરવાના પ્રયત્ન કરતી હતી. સુરત સુધરાઈની સ્થાપનાને લઈને સુરતના લોકોનું વલણ પ્રતિકૂળ હતું. લોકોનું વલણ સાનુકૂળ કરવા ત્યારે કેવા પ્રયત્નો થયા હતા, સ્થાપના સમયે તેની કચેરી ક્યાં હતી, આ સુધરાઈ ક્યારે સુરત મહાનગર પાલિકા બની, તેમાં ચૂંટણીનું તત્ત્વ ક્યારે દાખલ થયું? આ પ્રશ્નોના જવાબ મેળવવા સાથે આપણે સુરત સુધરાઈનો રસપ્રદ ઈતિહાસ જાણીએ...





### સુરત સુધરાઈ સ્થાપના બાબતે લોકો કેમ નિરુત્સાહી હતાં?

ઇતિહાસના પુસ્તકોમાંથી જાણવા મળે છે કે, 1846ની સાલમાં સુધરાઈએ કરવા જેવા કામોની જવાબદારી જિલ્લા જજ સંભાળતા હતા. સુધરાઈની સ્થાપનાને લઈને સુરતના લોકોની એક સભા મળી હતી પણ તેનું કોઈ પરિણામ દેખાયું નહીં. મોટાભાગના લોકોને સુધરાઈની સ્થાપના થવાથી શું ફાયદો થશે તેની સમજ નહીં હતી. લોકોને એવો ભય હતો કે આગળના રાજયકાળમાં જકાતનો જે ત્રાસ વેઠયો હતો તેવો જ ત્રાસ ભોગવવાનો આવશે. લોકોની આ વિચારધારાને કારણે સુધરાઈની સ્થાપનાને લઈને લોકોનું વલણ પ્રતિકૂળ હતું.

### કઇ રીતે સ્થાપના થઇ અને તેની કચેરી ક્યાં હતી







15મી એપ્રિલ 1850ના દીને અંગ્રેજ એલેક્ઝાન્ડર કીન્લોક ફોર્બસ સુરત આવ્યા તેમની નિમણૂક 1850નો કાયદો સુરતને લાગુ પાડવા માટે ખાસ અમલદાર તરીકે થઈ હતી. તેમણે દલપતરામ અને દુર્ગારામ તથા અન્ય ઉત્સાહી લોકોને સાથે રાખીને શહેરમાં ફરી ફરીને સુધરાઈના ફાયદા લોકોને સમજાવી લોકોનું વલણ સાનુકૂળ બનાવ્યું. 23 એપ્રિલ 1852ના દિને તેની સ્થાપના થઈ. ત્યારે નાનપુરામાં ટપાલ ખાતાની હેડ ઓફિસની પશ્ચિમ તરફ એક ઓરડામાં તેની કચેરી હતી. ત્યાં 15 વર્ષ સુધી આ કચેરી કાર્યરત રહી હતી.



સુધરાઈની ચાલુ સભાનું દૃશ્ય (1952)

### સુધરાઈ ક્યારે સુરત મહાનગરપાલિકા બની

મળતી માહિતી અનુસાર 1 ઓક્ટોબર 1966માં સુધરાઈ સુરત મહાનગરપાલિકામાં રૂપાંતરિત થઈ. સુરત સુધરાઈની સ્થાપના બાદ 1883માં પહેલીવાર ચૂંટણીનું તત્ત્વ દાખલ થયું. નિયમો પ્રમાણે શહેરના 12 વોર્ડ થયા હતા અને 12 વોર્ડમાં રહેતા 2694 વ્યક્તિઓને મતાધિકાર મળ્યો હતો

### સુધરાઈની પ્રથમ બેઠક 15 મે 1852માં મળી હતી

સુધરાઈની સ્થાપના થઇ ત્યારે સુધરાઈની કમિટીમાં 12 સભ્યો હતાં. તેની પ્રથમ બેઠક 15 મે 1852ના દીને આયોજિત થઈ હતી. સ્થાપનાના 23 દિવસ બાદ સુધરાઈની જે પ્રથમ સભા મળી હતી તેમાં વિકાસ કામોની ચર્ચા થવા ઉપરાંત દરખાસ્ત પ્રમાણે કેટલીક નિમણૂકો કરવામાં આવી હતી. 1867માં સરકારને સુધરાઈની કચેરી માટે મુગલસરાઈ બિલ્ડીંગનો કબ્જો સોંપ્યો હતો, ત્યાંરથી અત્યાર સુધી એટલે કે 159 વર્ષથી અહીં જ શહેરની સુવિધાઓને લગતા કામો થાય છે.

**શું તમે જાણો છો કે સુરતના જે ‘બાલાજી રોડ’ પરથી તમે રોજ પસાર થાઓ છો, તેની પાછળ એક એવા ‘બાદશાહી’ દિલના સુરતી શેઠનો ઈતિહાસ છે જેમણે ભગવાનની મૂર્તિ બનાવનાર કારીગરને થાળ ભરીને એટલા સિક્કા આપ્યા હતા કે તેને ઉંચકવા ઘોડાગાડી મંગાવવી પડી હતી? એક રહસ્યમય સુગંધ, દંપતીને આવેલું એક સમાન સ્વપ્ન અને ૧૮૦૨ના જમાનામાં ૩ લાખ રૂપિયાના ખર્ચે બનેલા ભવ્ય મંદિરની આ અનોખી દાસ્તાન છે. સુરતની જરી અને દક્ષિણ ભારતના સંબંધોની સાક્ષી પૂરતા આ ‘વિસરાયેલા વારસા’ને માણવા વાંચો આ સપ્તાહનો વિશેષ લેખ......**

# બાલાજી રોડ અને બાલાજી મંદિર સાથે જોડાયેલું અમર નામ: કૃષ્ણ અર્જુન ત્રવાડી



ગોપીપુરાની નાની છીપવાડમાં આવેલું ભવ્ય ‘બાલાજી મંદિર’






**સુ**રત એ મામલે ખરેખર ભાગ્યશાળી રહ્યું છે કે તેને એવા સંતાનો મળ્યા જેમની સખાવતે આ શહેરની આબરૂને વિશ્વફલક પર ઉજળી રાખી છે. આવું જ એક અણમોલ રત્ન એટલે શેઠ કૃષ્ણ અર્જુન ત્રવાડી. કદાચ આજની પેઢી માટે આ નામ અજાણ્યું હોય, પણ સુરતનું હૃદય ગણાતો ‘બાલાજી રોડ’, ત્યાંની ‘બાલાજી ગર્લ્સ હાઈસ્કૂલ’ કે ગોપીપુરાની નાની છીપવાડમાં આવેલું ભવ્ય ‘બાલાજી મંદિર’ કોઈનાથી અજાણ નથી. ખાસ કરીને સુરતના જરી ઉદ્યોગ સાથે સંકળાયેલા રાણા સમાજની શ્રદ્ધા આ મંદિર સાથે અતૂટ છે, કારણ કે સુરતની જરીનો મોટો હિસ્સો દક્ષિણ ભારતની રેશમી સાડીઓમાં વણાય છે અને ત્યાંના પ્રભાવે સુરતીઓ પણ ભગવાન વ્યંકટેશના અનન્ય ભક્ત બની ગયા છે.

પણ આ મંદિરના નિર્માણની કથા કોઈ ચમત્કારથી કમ નથી! શેઠ કૃષ્ણ અર્જુન ત્રવાડી અને તેમના પત્ની યશવંતી અત્યંત ધર્મપરાયણ હતા. તેમના ઘરમાં બાલાજીની એક નાની મૂર્તિ હતી. એક દિવસ જ્યારે શેઠાણી યશવંતી પ્રતિમા પર કેસરયુક્ત જળ ચઢાવી રહ્યા હતા, ત્યારે અચાનક વાતાવરણમાં મોગરાની તીવ્ર અને મધુર સુગંધ ફેલાઈ ગઈ! શેઠાણી સ્તબ્ધ થઈ ગયા, કારણ કે ત્યાં કોઈ પુષ્પ નહોતું. એ જ રાત્રે એક અદ્ભુત ઘટના ઘટી; દંપતીને એક સમાન સ્વપ્ન આવ્યું જેમાં ભગવાને આજ્ઞા કરી– “મને મંદિરમાં પધરાવો.”

આ દૈવી સંકેતને સાકાર કરવા શેઠે જાણીતા સલાટ હરગોવિંદજીની સલાહ લીધી. તેમણે સૂચવ્યું કે મંદિર શહેરના મધ્યભાગમાં હોવું જોઈએ જેથી જનસામાન્યને દર્શનનો લાભ મળે. અંતે ગોપીપુરાના લીમડાચોકની દક્ષિણે જગા નક્કી થઈ. શેઠે ખાસ જયપુરથી શ્રેષ્ઠ મૂર્તિકારોને બોલાવ્યા અને પોતાની ઘરની નાની મૂર્તિ જેવી જ આબેહૂબ ભવ્ય પ્રતિમા કંડારવાનો આદેશ આપ્યો. જ્યારે મૂર્તિ તૈયાર થઈ, ત્યારે શેઠ એટલા ભાવવિભોર થઈ ગયા કે તેમણે કારીગરોને થાળ ભરીને એટલા સિક્કા આપ્યા કે કારીગરો તેને ઉંચકી પણ ન શક્યા! અંતે શેઠે પોતે ઘોડાગાડીની વ્યવસ્થા કરી તે નાણું કારીગરોના ઘર સુધી પહોંચાડ્યું.

**“કારીગરોને અપાતું નગદ નાણું એટલું ભારે હતું કે તેને ઉંચક્વા માટે શેઠે ખાસ ઘોડાગાડીની વ્યવસ્થા કરવી પડી હતી!”**

ઈ.સ. ૧૮૦૨માં જ્યારે આ મંદિરની પ્રતિષ્ઠા થઈ, ત્યારે આકાશમાંથી પણ અમીછાંટણા થયા હતા. એવું કહેવાય છે કે તે સમયે શેઠ-શેઠાણીએ આખા સુરતને પાવન કરવા સોનામહોરો અને સાચા મોતીઓના થાળ દર્શનાર્થીઓ પર લૂંટાવ્યા હતા! તે દિવસે આખું સુરત “બાલાજી ભગવાનની જય” સાથે “શેઠ કૃષ્ણ અર્જુન ત્રવાડીનો જયજયકાર” કરી રહ્યું હતું. આજના યુગમાં ભલે ૩ લાખની કિંમત નાની લાગે, પણ ૧૮૦૨માં જ્યારે રૂપિયો ‘ગાડાના પૈંડા’ જેવો મોટો ગણાતો, ત્યારે આટલો ખર્ચ કરવો એ શેઠના ‘બાદશાહી દિલ’નો પુરાવો છે. આજે પણ આ મંદિરના પ્રાંગણમાં રામજી, રણછોડજી અને મહાદેવના મંદિરો ભક્તોને શાંતિ અર્પે છે. લોકવાયકા છે કે શુભ ચોઘડિયે સ્થાપિત આ પ્રતિમા સામે જે કોઈ સાચા હૃદયથી અરજ કરે છે, તેના કાર્યો અચૂક સફળ થાય છે. ત્રવાડી પરિવારના વંશજો આજે પણ આ ભવ્ય વારસા અને સેવાની જ્યોતને પ્રજ્વલિત રાખી રહ્યા છે.



વારસાની વરિયાળી

બાલાજી મંદિરના સર્જક શેઠ કૃષ્ણ અર્જુન ત્રવાડીની વગ એ જમાનામાં એટલી હતી કે તેઓ ઈસ્ટ ઈન્ડિયા કંપનીને પણ નાણા ધીરતા હતા. માત્ર અંગ્રેજો જ નહીં, વડોદરાના ગાયકવાડ નરેશ અને હૈદરાબાદના નવાબ પણ જરૂરિયાતના સમયે આ સુરતી શરાફને અચૂક યાદ કરતા. આ તથ્ય પરથી અંદાજ લગાવી શકાય કે તેઓ તે સમયના કેટલા પ્રભાવશાળી કરોડાધિપતિ હશે અને રાજદરબારોમાં તેમની કેટલી મોટી પહોંચ હશે!